**<u>દાહોદના મહે. ચોથા એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમા,મુ.દાહોદ</u>**

ક્રિમીનલ કેસ નં. ૧૧૬૫/૨૦૨૩

આંક :

ફરીયાદી :- શ્રી સરકાર

**વિરૂધ્ધ**

આરોપી :- ઈશ્વરભાઈ શંકરભાઈ પ્રજાપતી,

રહે.જલારામ મંદીર પાસે, મંડાવાવ રોડ,તા.જી.દાહોદ.

ગુનો:- **<u>ભારતીય દંડ સંહિતાની કલમ ૨૮૩ તથા</u>**

**<u>જી.પી.એકટ કલમ-૧૦૨,૧૧૧,૧૧૭ મુજબ</u>**

**<u>ઠરાવ</u>**

આરોપીની પ્લી અને કેસની હકીકત વંચાણે લીધી. આરોપીએ સ્વેછાએ ગુન્હો કબુલ કરેલ છે તથા આરોપીને ગુન્હા અંગેની સમજ આપવામાં આવેલ છે અને તેમ છતાં આરોપીએ ગુન્હો કબુલ મંજુર રાખેલ છે.આમ તમામ હકીકત તથા સંજોગો લક્ષે લેતા આરોપી સામેનો ભારતીય દંડ સંહિતાની કલમ ૨૮૩ તથા જી.પી.એકટ કલમ-૧૦૨, ૧૧૧,૧૧૭ મુજબનો ગુનો હું પુરવાર થયેલો ગણુ છું.આરોપી તર્ફે થયેલ રજુઆત ધ્યાને લઈ તથા સજાની જોગવાઈ ધ્યાને લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું

**<u>હુકમ</u>**

આ કામના આરોપીને ફોજદારી કાર્યવાહી ધારાની કલમ ૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ-૨૮૩ તથા જી.પી.એકટ કલમ-૧૦૨,૧૧૧,૧૧૭ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં દોષિત ઠરાવીને ઈ.પી.કો. કલમ-૨૮૩ ના ગુન્હામાં રૂા.૧૦૦/- અને જી.પી.એકટ કલમ- ૧૦૨,૧૧૧,૧૧૭ ના ગુન્હામાં રૂા.૧૦૦/- મળી કુલ **રૂા.૨૦૦/- (અંકે રૂપિયા બસો પુરા)** નો દંડ અને જો દંડ ન ભરે તો દિન-૨ ની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરુ છું.

આ હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૧/૦૨/૨૦૨૩ (એસ.એલ.રબારી)

દાહોદ ચોથા એડીશ્નલ જ્યુડી.મેજી.ફ.ક.

દાહોદ

**જીજે૦૦૧૬૧૭**